# વસિષ્ઠ જેનેસીસ સ્કૂલ-બાબેન. (ગુજરાતી માધ્યમ)

મુ.પો.બાબેન, અવધ લાઈફ સ્ટાઈલની સામે, બાબેન, તા. બારડોલી, જિ.સુરત.

" Memorization या मनन विद्यार्थीयों का ब्रह्मास्त्र"

**–:: <u>વાલી–શિક્ષક મિટીંગ</u> ::–**

સ્નેહી વાલી મિત્રો...નમસ્કાર

આપ કુશળ હશો.

બાળકના સર્વાંગી વિકાસ માટે આપણો હકારાત્મક અભિગમ ખૂબ મહત્વનો હોય છે. બાળકના સારા અભ્યાસ માટે શિક્ષક અને માતા-પિતા સાથે સુમેળ સંધાય તેમજ બાળકે કરેલ કાર્યની નોંધ લઈ શકાઈ તે હેતુથી સમયાંતરે હેતુસભર વાલી-શિક્ષક મિટીંગનું આયોજન થતું હોય છે, તે આપ જાણો છો. દરેક વાલી-મિટીંગમાં આપના તરફથી હકારાત્મક સહકાર મળે છે અને મળતો રહેશે એવી અભ્યર્થના... આપનું બાળક ધોરણ 10 માં ખૂબ સારી રીતે અભ્યાસ કરી રહયું છે. આપણે પણ સાથે મળીને બાળકના ઉચ્ચ પરિણામ માટે પ્રામાણિક પ્રયત્ન કરી રહયાં છીએ આ દરેક પ્રયત્નોનું પ્રતિબિંબ એટલે શાળાની પરીક્ષાનું પરિણામ...આવો આપણે સૌ સાથે મળીને બાળકોના ઉજ્જવળ ભવિષ્યને યોગ્ય દિશા આપીએ.

❖ **ધો.10 ના વિદ્યાર્થીઓ માટે તા.15-06-2025 ને રવિવારના રોજ વાલી-શિક્ષક મિટીંગનું આયોજન કરેલ છે. આ મિટીંગમાં રાઉન્ડ ટેસ્ટનું પરિણામ આપવામાં આવશે અને આવનારી પરીક્ષાનું આયોજન અને તેનું મહત્ત્વ <u>એજ્યુકેશનલ એડવાઈઝરશ્રી દ્વારા</u> જણવવામાં આવશે તેથી આ મિટીંગમાં આવવું ખૂબ જરૂરી છે.**

**<u>નીચે આપેલા મુદ્દાઓ ઉપર ધ્યાન આપશો.</u>**

➢ વાલી-મિટીંગમાં આવો ત્યારે 8:45 વાગ્યા સુધીમાં આપનું સ્થાન લેશો. સમયસર મિટીંગ શરૂ થઈ જશે તેથી આપેલ સમયનું પાલન કરશો.

**<u>તારીખ :- 15-06-2025 ને રવિવાર</u>  <u>સ્થળ :- (VGS) ઓડિટોરીયમ</u>  <u>સમય :- 9:00 am</u>**

- **ચાલુ શૈક્ષણિક વર્ષ 2025-26 ના પ્રથમ સત્રની ફી ભરવાની બાકી હોય તો તા. 15-06-2025 ને રવિવારના રોજ ફરજિયાત ભરવાની રહેશે.**
- **વાલી-શિક્ષક મિટીંગના દિવસે બાળકે માતા-પિતા સાથે ફરજિયાત આવવાનું રહેશે.**
- **આપનું વાહન નવા પાર્કિંગમાં પાર્ક કરી વ્યવસ્થાપકશ્રીને સહકાર આપશો.**

**આચાર્યશ્રી**

**વસિષ્ઠ જેનેસીસ સ્કૂલ-ગુ.મા. (બાબેન)**